નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી ખાતે કાર્યરત લઘુમતી સેલમાં સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) સંવર્ગની ૦૨ નવી જગ્યા ઉભી કરવા બાબત.

નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫, રકમ રૂ.૦.૧૭ કરોડ

ગુજરાત સરકાર

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/3271/A Section

સચિવાલય, ગાંધીનગર

તા: ૦૬/૦૩/૨૦૨૪

<u>વંચાણે લીધા</u>:-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા:૧૬/૦૨/૨૦૨૪ નો પત્રાંક:વિજાક/મકમ/ન.બા,/૨૦૨૪/૧૪૬

<u>આમુખ</u>: -

ભારત સરકાર દ્વારા અમલીકૃત લઘુમતી જાતિઓ માટેની પોસ્ટ મેટ્રીક, પ્રિ-મેટ્રીક અને મેરીટ કમ મીન્સ શિષ્યવૃત્તિઓની યોજનાઓની તથા જાતિ પ્રમાણપત્ર સંબંધિત કામગીરી નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરી ખાતે કાર્યરત લઘુમતી સેલ દ્વારા કરવામાં આવે છે. આ લઘુમતી સેલમાં કાર્યભારણને ન્યાય આપવા સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) ની ૦૨ નવી જગ્યા ઉભી કરવાની નવી બાબતને નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ ના અંદાજપત્રમાં સમાવવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવા નિયામક, વિકસતી જાતિ કલ્યાણની કચેરીના વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી. સદર નવી બાબતને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ કચેરી ખાતે કાર્યરત લઘુમતી સેલમાં સમાજ કલ્યાણ અધિકારી (વર્ગ-૨) ની ૦૨ નવી જગ્યા (પે મેટ્રીક્ષ લેવલ નં. ૮, રૂ. ૪૪,૯૦૦-૧,૪૨,૪૦૦, ROP 2016) ઉભી કરવા અંગેની કુલ રૂ.૦.૧૭ કરોડની વર્ષ ૨૦૨૪-૨૫ ની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:

**ભરતી અંગેની સામાન્ય શરતો :**

a. આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો અને નિયત ભરતી પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

b. સીધી ભરતીના ફાળાની જગ્યાઓ વહીવટી મંજુરી મળ્યેથી છ માસમાં સીધી ભરતીથી ભરવા અંગે સા.વ.વિ./નાણા વિભાગ મારફત સ્થાયી સમિતિની મંજુરી મેળવી ભરતી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

c. આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમાનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રીમતા આપવાની રહેશે.

d. આ જગ્યાઓ પર નિમણૂંક પારદર્શક પસંદગી પ્રક્રિયા હાથ ધરીને કરવાની રહેશે.

e. કમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમાનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/લાયકાત ધરાવતા

હોવા જોઈએ.

f. રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કરવામાં આવેલ ભાષાકીય-ખાતાકીય પરીક્ષાઓ નિયત તકમાં પાસ કરવાની રહેશે.

**પગાર અને નવી વર્ધિત પેન્શન યોજના :**

a. જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની જવાબદારી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની રહેશે.

b. વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણાં વિભાગના તા. ૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

c. સીધી ભરતીથી નિમણૂક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાંવિભાગના તા.૧૮/૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંકઃ નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા.) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે

**જગ્યાઓની મુદત અને સેવાઓ અંગે :**

a. આ નવી મંજૂર કરેલ જગ્યાઓ જે-તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતોવખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્ત મુદ્દત પૂરી થતાં પહેલાંના બે માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી, જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

b. સીધી ભરતી/બઢતીના ફાળાની નવી ઊભી થયેલ જગ્યાઓની સેવાઓ કરાર આધારિત/આઉટ સોર્સથી લેવાની જરૂરિયાતના સંજોગોમાં નાણા વિભાગ(કરકસર પ્રભાગ)ની પૂર્વ મંજુરી અચૂક મેળવી લેવાની રહેશે.

**નાણાકિય ઔચિત્ય :**

a. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન સંબંધિત નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

b. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

c. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

d. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

e. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

f. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

સદર નવી બાબતનો ખર્ચ તા:૦૧/૦૪/૨૦૨૪ પછી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નંબર- ૯૨, સેકટર -ખ સામાજીક સેવાઓ, સબ સેક્ટર -ગ અનુ.જાતિ/ જનજાતિઓ અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, મુખ્ય સદર - ૨૨૨૫ અનુ.જાતિ/ અનુ. આદિજાતિઓ અન્ય પછાતવર્ગ અને લઘુમતીઓનું કલ્યાણ, ગૌણ સદર ૦૦૧ - નિર્દેશ અને વહીવટ, પેટા સદર (૦૩) OBC ૧૮ તમામ કક્ષાએ વહીવટી તંત્રને સંગીન બનાવવું હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ની જોગવાઈઓમાંથી મેળવવાનો તેમજ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં સલાહકારશ્રીના પરામર્શમાં સક્ષમ કક્ષાએ તા:૦૪/૦૩/૨૦૨૪ ની નોંધથી મળેલ

મજૂરી અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

હરિત આર. દોશી

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના: (જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે)

- માન. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. અને અધિ.) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ -૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગને વેબ સાઇટ પર અપલોડ કરવા સારૂ...
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ- ૨૦૨૪